RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 171, Dt.03-10-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# યુદ્ધને કારણે શેરબજારમાં ૬ લાખ કરોડ સ્વાહા

## ઈરાન – ઈઝરાયલ સંઘર્ષની વૈશ્વિક શેરબજારો ઉપર અસર

**મુખ્ય સમાચાર,મુંબઈ**

વૈશ્વિક સ્તરે વધતા તણાવને કારણે ભારતીય શેરબજારમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો. શેરબજારના મુખ્ય સૂચકાંકો સેન્સેક્સ (ઈજઊ સેન્સેક્સ) અને નિફ્ટી ૫૦ (ગજઊ નિફ્ટી) આજે એટલે કે ગુરુવારે એક ટકાથી વધુ ઘટીને ખુલ્યા હતા. મધ્ય પૂર્વમાં વધી રહેલા તણાવ વચ્ચે ઈરાન-ઈઝરાયેલ યુદ્ધનો ભય વધી ગયો છે, જેની અસર શેરબજાર પર જોવા મળી રહી છે. ઈજઊ પર લિસ્ટેડ તમામ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૫.૬૩ લાખ કરોડ ઘટીને રૂ. ૪૬૯.૨૩ લાખ કરોડ થયું છે. આ સમાહની શરૂઆતમાં ઈરાને ઈઝરાયલ પર બેલેસ્ટિક મિસાઈલ છોડ્યા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ વધવાનો ભય વધી ગયો છે. જો આ સંઘર્ષ ઉગ્ર બનશે તો આ પ્રદેશમાંથી તેલનો પુરવઠો ખોરવાઈ શકે છે.

આજે એટલે કે ૩ ઓક્ટોબરે સેન્સેક્સ ૧,૨૬૪.૨૦ પોઈન્ટ અથવા ૧.૫૦ ટકાના ઘટાડા સાથે ૮૩,૦૦૨.૦૯ પર ખુલ્યો હતો, જ્યારે નિફ્ટી ૫૦ ૩૪૪.૦૫ પોઈન્ટ અથવા ૧.૩૩ ટકા ઘટીને ૨૫,૪૫૨.૮૫ પર ખુલ્યો હતો. છેલ્લા ત્રણ સત્રમાં નિફ્ટી ૫૦ 3% થી વધુ ઘટયો છે.શેરબજારમાં ઘટાડા વચ્ચે સૌથી વધુ નુકસાન ઓટો શેરોમાં જોવા મળી રહ્યું છે. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ ૨.૦૭ ટકા ઘટયો છે. ઋખઈઋ પણ ૧.૫૨% નીચે છે. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ, પીએસયુ બેંક, હેલ્થકેરમાં એક-એક ટકાનો ઘટાડો છે. આ સિવાય નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઈલ અને ગેસ સહિતના મોટાભાગના ઈન્ડેક્સ લાલ નિશાનમાં છે. આ લખાય છે ત્યારે સેન્સેકસ ૭૭૦ ઘટીને ૮૩૪૯૫ તો નીફટી ૨૪૦ પોઈન્ટ ઘટીને ૨૫૫૫૧ ઉપર છે.



આ રીતે સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ બંને તેમના ૫૨-સમાહના ઉચ્ચ સ્તરથી ઘણા નીચે આવી ગયા છે. આજે સેન્સેક્સ ૮૩,૦૦૨.૦૯ પર ખૂલ્યો હતો, જે તેની ૮૫,૯૭૮.૨૫ની સર્વકાલીન ઉચ્ચ સપાટીથી ૨,૯૭૬.૧૬ પોઈન્ટ અથવા લગભગ ૩.૪૬% ઘટીને ૮૩,૦૦૨.૦૯ પર ખુલ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૦ આજે ૮૨૪.૫૦ પોઈન્ટ અથવા લગભગ ૩.૧૪% તેની ૨૬,૨૭૭.૩૫ ની પર સમાહની ઊંચી સપાટીથી નીચે ખુલ્યો હતો.

## આજથી નવલા નોરતાનો પ્રારંભઃ પ્રથમ નવરાત્રીમાં શૈલપુત્રીની પૂજા

આજથી નવરાત્રીનો મંગલ પ્રારંભ થયો છે. પ્રથમ નવરાત્રી મા શૈલપુત્રીની પૂજામાં નવદુર્ગાનું પહેલું સ્વરૂપ શૈલપુત્રીના નામથી ઓળખાય છે. માતાજી એ પર્વતરાજ હિમાલયના ઘરે પુત્રી તરીકે જન્મ લીધો હોવાથી શૈલપુત્રી નામ પડેલ. માતાજીના હાથમાં ત્રિશૂલ અને કમળ પુષ્પ સુશોભિત છે. માતાજીએ પોતાના પુર્વજન્મમાં દક્ષ પ્રજાપતિના ઘરે જન્મ લીધો હતો . અને વિવાહ મહાદેવજી સાથે થયેલ. દક્ષ પ્રજાપતિએ હવન કરેલ પરંતુ તેમાં મહાદેવજીને આમંત્રણ નહોતું આપેલું. આમ સતી હવનમાં જાય છે અને યોગીની દ્વારા બળીને ભસ્મ થાય છે. ત્યારબાદ બીજો જન્મ પર્વતરાજ હિમાલયને ત્યાં થાય છે અને ફરીથી મહાદેવજીને પરણે છે. માતજીનો ઉપાસનાનો મંત્રછે ૐ હ્રીં શિવાયૈ નમઃ માતા શૈલપુત્રી માતાજીની છબી ન મળે તો નવદુર્ગા માતાજી ની છબી ની સ્થાપના એક બાજોઠ ઉપર લાલ વષા પાથરી અને કરવી ત્યારબાદ માતા શૈલપુત્રીના મંત્ર ની એક માળા અને નવ દુર્ગાના નવાર્ણ મંત્રની એક ... ત્રણ અથવા નવ માળા કરવી માતાજીને ત્યારબાદ ગોળ અથવા ગોળમાંથી બનેલ વાનગી ધરાવી આરતી કરવી.




## ગત માસમાં નબળી સિઝન પછી વેપારીઓને તહેવારો ફળવાની આશા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

મંગળવારે જાહેર કરાયેલાં ડેટાના આધારે મજબૂત ઉનાળા પછી ભારતીય અર્થવ્યવસ્થા નજીવી રીતે ધીમી પડી શકે છે, પરંતુ નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આ એક બ્લીપ હોઈ શકે છે અને તહેવારોની સીઝન વૃદ્ધિને વેગ આપે તેવી શક્યતા છે.ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કલેક્શન સપ્ટેમ્બરમાં ૬.૫ ટકા થી વધીને ૧.૭૨ લાખ કરોડ થયું હતું,

જે એપ્રિલ-ઓગસ્ટના સમયગાળામાં નોંધાયેલાં આંકડાથી ઓછા છે. પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ દ્વારા માપવામાં આવેલી ઉત્પાદન પ્રવૃત્તિ સપ્ટેમ્બરમાં ૫૬.૫ ના આઠ મહિનાની સૌથી નીચી સપાટીએ છે.ઓટોમેકર્સે માંગ વધારવા માટે ભારે ડિસ્કાઉન્ટ ઓફર કર્યા હોવા છતાં સપ્ટેમ્બરમાં સ્થાનિક કારનાં વેચાણમાં સતત ત્રીજા મહિને ઘટાડો થયો હતો.

ઉદ્યોગનાં અંદાજ મુજબ, સપ્ટેમ્બરમાં ૩૫૫૦૦૦-૩૬૦૦૦૦ કાર, સેડાન અને યુટિલિટી વાહનોનું વેચાણ થયું હતું, જે એક વર્ષ અગાઉનાં મહિનામાં ૩૬૪૦૦૦થી ૧-૨.૫ ટકા ઓછું હતું. સપ્ટેમ્બરમાં ભારતનો વીજ વપરાશ વાર્ષિક ધોરણે ૦.૬ ટકાથી વધીને ૧૪૧.૪ અબજ યુનિટ થયો છે.

એચએસબીસીના ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે, સપ્ટેમ્બરમાં ભારતનાં ઉત્પાદન ક્ષેત્રો નરમ પડ્યાં છે.સ્રસ્ર આઠ મેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રીઝના ઉત્પાદનમાં ઓગસ્ટમાં ૧.૮ ટકાનો ઘટાડો થયો હતો, જે ચાર વર્ષમાં પ્રથમ ઘટાડો હતો.



બેંક ઓફ બરોડાના મુખ્ય અર્થશાસ્ત્રી મદન સબનવીસે જણાવ્યું હતું કે, નસ્રચાલુ નાણાકીય વર્ષના બીજા ભાગમાં વપરાશમાં વધારો થવાની શક્યતા છે. મદન સબનવીસે ઉમેર્યુ હતું કે ગ્રામીણ વિસ્તારોમાં ખર્ચ શક્તિ વધી શકે છે.

સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી ડેટાના આધારે ભારતની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી હતી તે દરમિયાન નવાં રોકાણ થઈ શકે છે, સપ્ટેમ્બરમાં રોજગાર નિર્માણમાં ઘટાડો થયો હતો, નસ્રકેટલીક કંપનીઓમાં પાર્ટ-ટાઈમ અને કામચલાઉ કામદારોની સંખ્યામાં ઘટાડો દર્શાવે છેસ્રસ્ર.

કુલ કેન્દ્રીય જીએસટી ૨૮,૭૭૫ કરોડ, રાજ્યની જીએસટી ૩૬૦૩૭ કરોડ, સંકલિત જીએસટી ૭૬૪૬૧ કરોડ અને સેસ ૧૧૫૦૯ કરોડ હતો.

## જીએસટીમાં ચારને બદલે ત્રણ સ્લેબ કરવાના નિર્ણય પર વિચારણા

### વિમા પોલીસી, દવાઓ સસ્તી થશે; લકઝરી ઈ – વ્હિકલ મોંઘા થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આ માસમાં મળનારી જીએસટી સબંધી ગ્રુપ ઓફ મીનીસ્ટરની બેઠકમાં ચોકક્સ દવાઓ તથા જીવન વીમા પોલીસી સહીત સંખ્યાબંધ ઉત્પાદનો અને સેવાઓ પરનો જીએસટી દર ઘટી શકે છે.અથવા નીલ થઈ શકે છે. પરંતુ સીમેન્ટ સહીતનાં ઉત્પાદનો માટે હાલ કોઈ રાહતની શકયતા નહીંવત છે. સરકાર જીએસટીનાં જે ચાર સ્લેબ છે તેમાં પણ એક સ્લેબ ઘટાડીને આગળ વધવા માંગે છે અને તેમાં ૧૨ ટકા અને ૧૮ ટકાના દરનું વિલીનીકરણ શકય છે. જેમાં આ બન્ને સ્લેબમાં રહેલા ઉત્પાદન અને સેવાઓનું નવેસરથી વર્ગીકરણ કરીને તેમાં આવશ્યક કે મીડલ વર્ગ સુધીના ઉપયોગના અને સેવાઓના જીએસટી દર ૫ ટકા સુધી નીચા કે નીલ કરાય તેવી ધારણા છે. આ ઉપરાંત સરકાર જે ઉત્પાદન કે સેવામાં જીએસટી આવક નીચી રહે છે તેના દર ઘટાડશે.ખાસ કરીને ટ્રેકટર પરનો જીએસટી તેના વર્ગીકરણ મુજબ ૧૨ થી ૨૮ ટકા લાગે છે. જેમાં હવે સમાનતા લવાશે. ગ્રામીણ ક્ષેત્રોમાં ટ્રેકટરનો કૃષિ ઉપયોગ વધે તે માટે આ સમીક્ષા થઈ શકે છે. તો તેની સામે દેશમાં જે ઈલેકટ્રીક વાહનોનો વપરાશ થયો છે તેવા રૂા.૪૦ લાખ કે તેત્તી ઉપરના ઈ-વાહનો અને આયાતી ઈ-વાહનો પરનો જીએસટી દર હાલ ફકત ૫ ટકા છે. તે વધારીને ૧૮ ટકા સુધી લઈ જવાશે. સૌથી મહત્વનું વિમા પોલીસી પર જીએસટી દર અંગે છેક સંસદમાં પણ આ દર ઘટાડવા માંગ થઈ હતી અને નાણામંત્રી નિર્મલા સીતારામને એ સમયે એવો જવાબ આપ્યો હતો કે રાજયો તે માટે સંમત નથી પણ હવે ગ્રુપ ઓફ મીનીસ્ટર પર દબાણ છે. તેથી જીવન વીમા પરનો જીએસટી દર ઘટાડીને હાલ






જે ૧૮ ટકા છે તે ૫ ટકા અથવા નીલ કરાશે.તો આરોગ્ય વિમા મેડીકલેમ સહીતની જે પોલીસી છે તેમાં ૧૮ ટકાનો દર ૧૨ ટકા કરાશે. બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીનાં અધ્યક્ષપદ હેઠળ મળનારી આ બેઠકમાં ૧૨ ટકાનો સ્લેબમાં જે ઉત્પાદનો અથવા સેવાઓ આવે છે તેમાં મોટાભાગની સેવા-ઉત્પાદનો ૫ ટકાના સ્લેબમાં લઈ જવાના પક્ષમાં છે. તો બાકીના ઉત્પાદનો સેવાને ૧૮ ટકાના સ્લેબમાં લઈ જઈ ૧૨ ટકાની લોબી જ નાબુદ કરાય તેવી શકયતા પર પણ જે અધિકારી સ્તરની ભલામણો આવી છે તેના પર વિચારણા કરશે અને તેમ કરવાથી જીએસટીની એકંદર આવક પર કોઈ મોટી અસર પડે નહિં તે જોશે તેમાં એક વિચારણા દવાઓ સસ્તી બનાવવાની પણ છે.

## ઈરાન - ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધ થી ભારતને મોટું નુકશાન

### બંને દેશો વચ્ચે ભારતના વ્યાપારિક સંબંધો મજબુતઃ ક્રુડ ઓઈલ, ઈલેકટ્રોનિકસ અને કૃષિ ક્ષેત્રોને નુકશાન થઈ શકે છેઃ ક્રુડ ઓઈલના ભાવમાં ૨૮ ડોલર જેટલો ઉછાળો સંભવ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હાલ ઈઝરાયલ અને ઈરાન યુધ્ધે ચડયા છે. બંને વચ્ચે જો આ યુધ્ધ ચાલુ રહે તો ભારત પર તેની અસર થયા વગર રહે નહીં કારણ કે ભારત બીજુ સૌથી મોટુ વ્યાપારિક ભાગીદાર છે.

ભારત એશિયામાં ઈઝરાયલનુ બીજુ મોટુ વ્યાપારિક ભાગીદાર છે. ભારત દ્વારા પશ્ચિમ એશિયાઈ દેશોને નિકાસ કરવામાં આવતી મુખ્ય વસ્તુઓમાં બાસમતી, કપડા, રત્ન-આભૂષણ, સૂતરના દોરા અને કપડા સામેલ છે. જો કે દ્વિપક્ષીય વ્યાપારમાં મુખ્યત્વે હીરા, પેટ્રોલીયમ ઉત્પાદનો અને રસાયણોનું વર્ચસ્વ છે.

ઈઝરાયલ સાથે વ્યાપારઃ ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-જુલાઈ દરમ્યાન ઈઝરાયલને ભારતના નિકાસ ૬૩૯ મિલિયન અમેરિકી ડોલર રહી હતી. ૨૦૨૩-૨૪માં તે ૪.૫૨ અબજ અમેરિકી ડોલર હતી. આ નાણાકીય વર્ષના પહેલા ચાર મહિના દરમ્યાન ઈઝરાયલથી આયાત ૪૬૯.૪૪ મિલિયન અમેરિકી ડોલર હતી. ૨૦૨૩-૨૪માં તે બે અબજ અમેરિકી ડોલર હતી.

ઈરાન સાથે વ્યાપારઃ ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-જુલાઈ દરમ્યાન ઈરાનને ભારતની નિકાસ ૫૩૮.૫૭ મિલિયન અમેરિકી ડોલર રહી. ૨૦૨૩-૨૪માં આ ૧.૨૨ અબજ અમેરિકી ડોલર હતી. આ નાણાકીય વર્ષના પહેલા ચાર મહિના દરમ્યાન ઈરાનથી આયાત ૧૪૦.૬૯ મિલિયન અમેરિકી ડોલર હતી. ૨૦૨૩-૨૪માં તે ૬૨૫.૧૪ મિલિયન ડોલર હતી.

ક્રુડ ઓઈલના ભાવમાં ચાર ટકાનો ઉછાળોઃ ઈરાનના ઈઝરાયલ પર હુમલા બાદ ક્રુડ ઓઈલની કિંમતોમાં ચાર ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રુડ ૭૪.૫૦ ડોલર પ્રતિ બેરલનો કારોબાર રહ્યો છે જયારે બીજી બાજુ અમેરિકી ક્રુડ ઓઈલની કિંમતોમાં પણ ચાર ટકાથી વધુનો વધારો જોવા મળી રહ્યો છે.



રીપોર્ટ મુજબ ઓપેક પ્લસની મીટીંગમાં ક્રુડ ઓઈલના ઉત્પાદનને સીમીત રાખવ પર ફેંસલો થાય છે તે ક્રુડ ઓઈલની કિંમતોમાં વધુ વધારો જોવા મળી શકે છે. ક્રુડ ઓઈલના ભાવમાં ૭ ડોલર સુધીનો ઉછાળો સંભવઃ એક અનુમાન મુજબ ઈરાન પર આર્થિક પ્રતિબંધો લાગવા પર ક્રુડ ઓઈલ ૭ ડોલર પ્રતિ બેરલ સુધી મોંઘુ થઈ શકે છે.

## મણીપુરમાં ફરી હિંસા ભડકી સૈન્ય જવાન સહિત ચારના મોત

**મુખ્ય સમાચાર, મણિપુર**

મણિપુરમાં હિંસા વચ્ચે ટેંગનોપલ જિલ્લામાં સ્વચ્છતા અભિયાનના ભાગરુપે એક પ્લોટ સાફ કરાવવા મુદ્દે બે જુથ વચ્ચે સામસામે ગોળીબાર થયો હતો. જેમાં ત્રણ લોકો માર્યા ગયા હતા. મૃતકોમાં સુરક્ષા માટે તૈનાત મણિપુર રાઈફલ્સના એક જવાનનો પણ સમાવેશ થાય છે. જયારે ચુરાચંદપુરમાં એક ઉગ્રવાદી ઠાર મરાયો હતો.

મણિપુરના ઉખરુલ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનના ભાગરુપે એક પ્લોટની સાફસફાઈ દરમિયાન વિવાદ થયો હતો જેને કારણે બે જુથ વચ્ચે સામસામે ગોળીબાર થયો હતો. આ ગોળીબારમાં એક જવાન



સહીત ત્રણ લોકો માર્યા ગયા હતા. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં મોટી સંખ્યામાં સુરક્ષાદળોને ખડકી દેવામાં આવ્યા છે.

જ્યારે મણિપુરના જ હિંસાગ્રસ્ત ચુરાચંદપુરમાં એક ઉગ્રવાદી કમાન્ડરને એક અજાણ્યા શખ્સે ગોળી મારતા તેનું મોત નિપજ્યું હતું. આમ બે જિલ્લામાં ગોળીબારની ઘટનાઓમાં કુલ ચાર લોકો માર્યા ગયા હતા. માર્યો ગયેલો ઉગ્રવાદી યુનાઈટેડ કુકી નેશનલ આર્મી (ઉકના)નો સભ્ય છે.

દરમિયાન ટેંગનોપલ જિલ્લામાં મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું જે દરમિયાન સુરક્ષાદળોએ મોટા પ્રમાણમાં હથિયારો જપ્ત કર્યા હતા.

## સેન્સેકસ – નીફટી નવા શિખરે : રિલાયન્સ દેશની સૌથી મૂલ્યવાન કંપની બની : હવે બજારની ચાલ કેવી રહેશે

### ૧ કરોડ સભ્યો બનાવવાનો લક્ષ્યાંક ચુકતુ ભાજપ : અનેક રાજયોમાં ૫૦ ટકા પણ સભ્યો બન્યા નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દરેક કોઈ ઈચ્છે છે કે તેનું રોકાણ જલ્દીથી જલ્દી ડબલ, ત્રણ ગણું કે ૧૦ ગણું થઈ જાય. તેણે વધુ સમય રાહ ન જોવી પડે. તે માટે વ્યક્તિ શોર્ટ ટર્મમાં સારૂ રિટર્ન આપનાર વિકલ્પ શોધતો હોય છે. આ લિસ્ટમાં કેટલાક શેરને રાખી શકાય છે. એવા ઘણા શેર છે, જેણે ઓછા સમયમાં ઈન્વેસ્ટરોને બમ્પર રિટર્ન આપ્યું છે. આવો એક શેર છે પિટ્ટી એન્જિનિયરિંગ.

આ સ્ટોકે ૪ વર્ષમાં ઈન્વેસ્ટરોના પૈસા લગભગ ૪૨ ગણા કરી દીધા છે. પિટ્ટી એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રિક સ્ટીલ લેમિનેશન, મોટર કોર, સબ-એસેમ્બલી, ડાઈ-કાસ્ટ રોટર્સ અને પ્રેસ ટૂલ્સ બનાવનારી દેશની સૌથી મોટી કંપની છે. તે ૧૯૯૪થી શેર બજારમાં લિસ્ટેડ છે.

૪ વર્ષ પહેલા ૧ ઓક્ટોબર ૨૦૨૦ના પિટ્ટી એન્જિનિયરિંગના શેરની કિંમત બીએસઈ પર ૩૦.૭૫ રૂપિયા હતી. શેર બીએસઈ પર ૧ ઓક્ટોબર ૨૦૨૪ના ૧૨૮૯.૬૫ રૂપિયા પર બંધ થયો છે. ૨ ઓક્ટોબરે શેર બજારમાં રજા છે. તેનો મતલબ છે કે કંપનીના સ્ટોકે ૪ વર્ષમાં ૪૦૦૦ ટકાનું રિટર્ન આપ્યું છે. જો કોઈ શેરમાં ૪ વર્ષ પહેલા ૧૦,૦૦૦ રૂપિયા લગાવ્યા હોત અને અત્યાર સુધી શેર ન વેચ્યા હોત તો ૪.૧૯ લાખ રૂપિયા થઈ ગયા હોત. આ રીતે ૨૦૦૦૦ રૂપિયાનું રોકાણ



આશરે ૮.૩૯ લાખ રૂપિયા, ૫૦૦૦૦ રૂપિયાનું રોકાણ આશરે ૨૧ લાખ રૂપિયા અને ૧ લાખનું રોકાણ ૪૨ લાખ રૂપિયા થઈ ગયું હોત.

૧૧ જુલાઈ ૨૦૨૪ સુધી કંપનીમાં પ્રમોટર્સ પાસે ૫૩.૫૮ ટકા ભાગીદારી હતી. છેલ્લાં એક વર્ષમાં પિટ્ટી એન્જિનિયરિંગના સ્ટોકે પૈસા ડબલ કરી દીધા છે. વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધી શેરમાં ૮૧ ટકા અને છ મહિનામાં આશરે ૬૦ ટકાની તેજી આવી છે. કંપનીનું માર્કેટ કેપ ૪૫૦૦ કરોડ રૂપિયાથી વધુ છે.

## ચાલુ વર્ષમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ.૧૧૦.૫૭ લાખ કરોડનો વધારો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સ્થાનિક શેરબજારમાં આ વર્ષે અત્યાર સુધી તેજીનો દોર રહ્યો છે. આ સમયગાળા દરમિયાન, મુખ્ય સૂચકાંકો સતત નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યા હતા. જેના કારણે રોકાણકારોની સંપત્તિમાં ભારે વધારો થયો હતો. ૧૧૦.૫૭ લાખ કરોડનો વધારો થયો હતો. આ વર્ષે અત્યાર સુધીમાં BSE લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ મૂડી (માર્કેટ કેપ)માં રૂ.૧,૧૦,૫૭,૬૧૭.૪ કરોડનો વધારો નોંધાયો છે. આ કંપનીઓની કુલ મૂડી વધીને રૂ. ૪,૭૪,૮૬,૪૬૩.૬૫ કરોડ (પ.૬૭ લાખ કરોડ) થઈ છે. BSE લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ વેલ્યુએશન ૨૭ સપ્ટેમ્બરના રોજ રૂ. ૪૭૭.૯૩ લાખ કરોડની સર્વકાલીન ટોચે પહોંચી ગયું હતું. તે જ દિવસે સેન્સેકસ ૮૫,૯૭૮.૨૫ પોઈન્ટની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો.

કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં BSE સેન્સેકસ અત્યાર સુધીમાં ૧૨,૦૨૬.૦૩ પોઈન્ટ અથવા ૧૬.૬૪ ટકા ઉછળ્યો છે. વર્ષની શરૂઆતમાં સેન્સેક્સ ૭૨,૨૭૧.૯૪ પોઈન્ટના સ્તરે હતો.રોકાણકારોને સારા વળતરના રૂપમાં આ તેજીનો ફાયદો થયો છે. વિશ્લેષકોએ બજારોમાં તીવ્ર ઉછાળા માટે ભારતીય અર્થતંત્રના મજબૂત ફંડામેન્ટલ્સ અને સ્થાનિક સ્તરે સારી તરલતાની સ્થિતિને આભારી છે.

સ્વસ્તિક ઈન્વેસ્ટમાર્ટ લિમિટેડના રિસર્ચ હેડ સંતોષ મીનાએ જણાવ્યું હતું કે, આ વર્ષે અમે સ્થાનિક સ્તરે મજબૂત પ્રવાહિતા જોઈ છે. આ મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં રેકોર્ડ રોકાણો દ્વારા સંચાલિત છે. મીનાએ જણાવ્યું હતું કે વિદેશી



સંસ્થાકીય રોકાણકારો ના વેચાણના દબાણ છતાં, ભારતીય ઈક્વિટી બજારો રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચવામાં સફળ રહ્યા હતા. ખાસ કરીને મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોએ વધુ સારું પ્રદર્શન કર્યું હતું. રિટેલ રોકાણકારોએ સારો નફો કર્યો હતો કારણ કે ઘણા શેરો ઊંચા સ્તરે પહોંચ્યા હતા.

આ વર્ષે અત્યાર સુધીમાં BSE મિડકેપ ઈન્ડેકસ ૧૨,૬૪૫.૨૪ પોઈન્ટ્સ અથવા ૩૪.૩૨ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૧૪,૭૭૭.૦૯ પોઈન્ટ્સ અથવા ૩૪.૬૨ ટકા વધ્યો છે. મહેતા ઈક્વિટીઝ લિમિટેડના વરિષ્ઠ વાઈસ પ્રેસિડેન્ટ (સંશોધન) પ્રશાંત તાપસેએ જણાવ્યું હતું કે, તાજેતરના સમાહોમાં થયેલો તીવ્ર વધારો ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં ઘટાડો કરવાનું પરિણામ છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આરબીઆઈ તેની દ્વિ-માસિક સમીક્ષા બેઠકમાં પણ આવું જ પગલું ભરશે. BSEનો ૩૦ શેરનો ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૭ સપ્ટેમ્બરે પહેલીવાર ૮૩,૦૦૦નો ઉપર બંધ થયો હતો. માત્ર ત્રણ દિવસ પછી, તે પ્રથમ વખત ઐતિહાસિક ૮૪,૦૦૦ ની ઉપર બંધ થયું. તે ૨૫ સપ્ટેમ્બરના રોજ ૮૫,૦૦૦નો આંકને પણ વટાવી ગયો હતો.

